કૃષિ મહોત્સવ – ૨૦૦૯.

ગુજરાત સરકાર,
કૃષિ અને સહકાર વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ–૧૩૦૯–૭૭૭–મ.૩,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૧/૦૫/૨૦૦૯.

વંચાણે લીધા : – કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧/૦૨/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક પરચ–૧૩૦૯–૭૭૭–મ.૩.

<u>પરિપત્ર</u> : –

ઉપર વંચાણે લીધામાં નિર્દિષ્ટ પરિપત્રથી કૃષિ મહોત્સવ – ૨૦૦૯નું તારીખ ૨૭/૦૪/૨૦૦૯થી તારીખ ૨૬/૦૫/૨૦૦૯ દરમ્યાન આયોજન કરેલ હતું. લોકસભાની સામાન્ય ચૂંટણીઓ–૨૦૦૯ને કારણે ચૂંટણી આચારસંહિતા અમલી બનતાં, ઉક્ત પરિપત્રથી કરેલ આયોજન મુજબ કૃષિ મહોત્સવ – ૨૦૦૯નો કાર્યક્રમ હાથ ધરી શકાય તેમ ન હતો, તેમજ, ચૂંટણી આચારસંહિતા બાદ મૂળ કાર્યક્રમ મુજબ આયોજન માટે વરસાદ જેવા પરિબળોને ધ્યાનમાં લેતાં પૂરતો સમય મળી શકે તેમ ન હોઈ, કૃષિ મહોત્સવ – ૨૦૦૯ના આયોજનના ઢાંચામાં ફેરફાર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. વિચારણાને અંતે કૃષિ મહોત્સવ – ૨૦૦૯ના મૂળ કાર્યક્રમમાં ફેરફાર કરીને નીચે મુજબ કાર્યક્રમનું આયોજન કરવાનું સરકારે નક્કી કર્યું છે.

૩. કૃષિ મહોત્સવ – ૨૦૦૯ ખેડૂત ઉપયોગી બની રહે, જે ખેડૂતો ઉત્સાહી અને પ્રગતિશીલ છે તેઓ કૃષિલક્ષી જ્ઞાન મેળવે, નવીન ટેકનોલોજી અપનાવે અને ખેતી પાકોનું ઉત્પાદન વધારી આવકમાં વધારો કરે તે હેતુ લક્ષમાં લઈ કૃષિ મહોત્સવ – ૨૦૦૯નું આયોજન નીચે મુજબ કરેલ છે.

૪. કૃષિ મહોત્સવ – ૨૦૦૯નું આયોજન રાજયમાં આવેલ ચાર કૃષિ યુનિવર્સિટીઓ ખાતે ત્રણ દિવસ માટે અને રાજયના તમામ તાલુકામાં બે દિવસ માટે કરવામાં આવેલ છે. આ તમામ સ્થળોએ કૃષિ અને સંલગ્ન બાબતોના સેમિનાર, પ્રદર્શન, નિદર્શન વગેરે કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

૫. કૃષિ યુનિવર્સિટીઓ ખાતે કૃષિ મહોત્સવ – ૨૦૦૯ની ઉજવણીનું સમગ્ર આયોજન નીચે મુજબ નક્કી કરેલ છે.

- દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી – તારીખ ૨૦, ૨૧ અને ૨૨/૦૫/૨૦૦૯.
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી – તારીખ ૨૪, ૨૫ અને ૨૬/૦૫/૨૦૦૯.
- આણંદ કૃષિ યુનિવર્સિટી – તારીખ ૨૮, ૨૯ અને ૩૦/૦૫/૨૦૦૯.

- નવસારી કૃષિ યુનિવર્સિટી – તારીખ ૦૧, ૦૨ અને ૦૩/૦૬/૨૦૦૯.
- કૃષિ યુનિવર્સિટીઓ ખાતેના કાર્યક્રમોમાં કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ જિલ્લાઓનો સમાવેશ થશે.

૬. રાજયના તમામ તાલુકાઓમાં બે દિવસ માટે કૃષિ મહોત્સવ – ૨૦૦૯નો કાર્યક્રમ રાખવાનું નકકી થયેલ છે.

(૧) રાજયની કૃષિ યુનિવર્સિટીઓ ખાતે કૃષિ મહોત્સવ – ૨૦૦૯ના કાર્યક્રમોનું આયોજન હાથ ધરેલ હોય તે દિવસોમાં સંબંધિત કૃષિ યુનિવર્સિટીના સંલગ્ન જિલ્લાઓના કોઈપણ તાલુકામાં તાલુકા કક્ષાનો કૃષિ મહોત્સવનો કાર્યક્રમ રાખવો નહિં.

(૨) તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવના કાર્યક્રમો ખેતી નિયામકશ્રી, જિલ્લાના અધિકારીઓ અને કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ સાથે બેસી નકકી કરશે.

૭. કૃષિ યુનિવર્સિટી ખાતેના કાર્યક્રમોમાં સેમીનાર માટે જે તે કૃષિ વિષયના નિષ્ણાત વકતાઓ શોધી, પસંદ કરી બોલાવવાના રહેશે. વકતવ્યની સાથોસાથ પ્રેઝન્ટેશન થાય તે અંગે પણ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૮. તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં નીચે મુજબ કામગીરી હાથ ધરવાની રહેશે.

- તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં પ્રત્યેક તાલુકાની સ્થાનિક કૃષિ વિષયક અને કૃષિ સંલગ્ન જરૂરીયાતો અને પ્રશ્નો ધ્યાનમાં લઈ સેમીનાર માટેના વિષયો પસંદ કરવા.
- વિષય પ્રમાણે નિષ્ણાત વકતાઓ શોધી તેઓને બોલાવવા. વકતવ્યની સાથોસાથ પ્રેઝન્ટેશન થાય તે અંગે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૯. કૃષિ મહોત્સવ – ૨૦૦૯ના તમામ કાર્યક્રમોમાં ઉત્સાહી અને પ્રગતિશીલ હોય તેવા ખેડૂતોની પસંદગી કરી, તેઓને ખાસ આમંત્રણ આપવું.

૧૦. કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ ઉત્પાદન ક્ષેત્રે આધુનિક જ્ઞાન, નવીન ટેકનોલોજીના ઉપયોગ થકી વિશિષ્ટ પ્રદાન કરેલું હોય અને જે બીજા કૃષિકારો, પશુપાલકો, મત્સ્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની શકે તેમ હોય તેવા ખેડૂતોની 'કૃષિના ઋષિ' તરીકે પસંદગી કરવી. 'કૃષિના ઋષિ'ઓને આ કાર્યક્રમોમાં આમંત્રણ આપવું અને શકય હોય તે મુજબ તેઓનું પ્રેઝન્ટેશન સાથે વકતવ્ય ગોઠવવું. 'કૃષિના ઋષિ'ને કાયમી ઓળખપત્ર આપવું.

૧૧. ઓડીયો વિઝયુઅલ, ફીલ્મ પ્રદર્શન, ડોકયુમેન્ટેશન અંગે જરૂરીયાત મુજબ આયોજન કરવું.

૧૨. ગુજરાત ખેત ઉધોગ નિગમે તમામ કાર્યક્રમોના સ્થળોએ પ્રદર્શન યોજવું.

૧૩. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા સુક્ષ્મ સિંચાઈ અંગે પ્રદર્શન અને પ્રેઝન્ટેશન કરવું.

૧૪. સારા અને પ્રમાણભૂત ખાનગી ઉત્પાદકો તથા ખેડૂતોને તેના ઉત્પાદનના ભાવ, નવી સેવાઓ વગેરે પૂરી પાડતા હોય તેવા વિક્રેતાઓને (technology providers) કાર્યક્રમોના સ્થળોએ સ્ટોલ નાખવા પ્રોત્સાહિત કરવા.

૧૫. કૃષિ મહોત્સવની રાજ્યના ખેડૂતોમાં બહોળી પ્રસિદ્ધિ થાય તે માટે પ્રચાર–પ્રસારની જરૂરિયાત મુજબ યોગ્ય વ્યવસ્થા કરવી.

૧૬. આ કૃષિ મહોત્સવના ભાગરૂપે આયોજન થનાર પ્રદર્શનને ખુલ્લું મૂકવા માટે સ્થાનિક કક્ષાએ સ્થાનિક આગેવાનો / અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન કરવા અંગે જિલ્લા કક્ષાની સમિતિ ઉચિત નિર્ણય લઈ શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

M. J. Patel
(એમ.જે. પટેલ)
ઉપ સચિવ,
કૃષિ અને સહકાર વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર (અલગ પત્ર દ્વારા)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મંત્રી મંડળના બધા માનનીય મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્રસચિવશ્રી / સચિવશ્રી (સચિવાલયના સર્વે વિભાગો)
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- કૃષિ અને સહકાર વિભાગના સર્વે ખાતાના વડાઓ.
- કૃષિ અને સહકાર વિભાગ હેઠળનાં તમામ બોર્ડ / કોર્પોરેશન / એજન્સી / તમામ કૃષિ યુનિવર્સિટીઓ.
- ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની, વડોદરા.
- સર્વે જિલ્લા કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગ, સહકાર અધિકારીશ્રીઓ (સબંધિત ખાતાના વડા મારફતે)
- કૃષિ અને સહકાર વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રીઓ / નાયબ સચિવશ્રીઓ / ઉપસચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- કૃષિ અને સહકાર વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

D:\ગૌતમ પંડ્યા\M.3\CIRCULAR No. PRCH 1309 777 M.3.doc